સંદેશ. પાના નં. ૦૩., તા. ૨૩.૦૩.૨૦૨૫

### જાહેર પરિવહન માટે મેટ્રો જીવાદોરી બની

# ૩.૬૫ લાખથી વધુ લોકોએ ગાંધીનગર મેટ્રોની સવારી કરી

। અમદાવાદ ।

અમદાવાદથી ગાંધીનગર સેક્ટર -૧ અને ગિફ્ટ સિટી માટે દોડતી મેટ્રો ટ્રેનમાં ફેબ્રુઆરી સુધીના છેલ્લા ૬ માસમાં કુલ ૩,૬૫,૪૧૮ મુસાફરોએ મુસાફરી કરી છે. જેના થકી મેટ્રોને ૬૪ લાખની આવક થવા પામી છે. સચિવાલય, મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડતી થશે ત્યારે મુસાફરીનો આ આંકડો લાખોમાં વધી જશે. બે શહેરો વચ્ચે મેટ્રો હાલ પરિવહનની જીવાદોરી સાબિત થઈ રહી છે.

**અમદાવાદ શહેરમાં રોજના સવા લાખ લોકો મેટ્રોની મુસાફરી કરી રહ્યા છે**

ઝડપી, સસ્તી, સલામત અને આંતરરાષ્ટ્રીયકક્ષાની મુસાફરી માટે હવે ગાંધીનગર જવા-આવવા માટે મેટ્રોનો ઉપયોગ વધ્યો છે. ગત સપ્ટેમ્બર માસમાં જ્યાં ૪૯,૮૪૭ લોકોએ મેટ્રોની મુસાફરી કરી હતી તે આંકડો વધીને હાલ ૬૭,૫૭૯ સુધી પહોંચી ગયો છે. નોંધપાત્ર છેકે અમદાવાદ શહેરમાં ગત વર્ષ ૨૦૨૪ દરમિયાન ૩.૬૯ કરોડ લોકોએ મેટ્રો ટ્રેનની મુસાફરી કરી હતી. જેના થકી મેટ્રોને ૪૩.૬૨ કરોડની જંગી આવક થવા પામી હતી. અમદાવાદ શહેરમાં રોજના સવા લાખ લોકો મેટ્રોની મુસાફરી કરી રહ્યા છે.